# કર્મચારી કલ્યાણ મંડળ,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

વિધા દાન શ્રેષ્ઠ દાન                                   જીવનનો ખરો આનંદ જ એકબીજાને મદદરુપ થવામાં છે

## –: જાહેર વિજ્ઞપ્તિ :–

નવસારી કૃષિ યુનિવર્સિટી, કર્મચારી કલ્યાણ મંડળના તમામ માનવંતા સભ્યશ્રીઓ તથા અત્રેની યુનિવર્સિટીમાં ફરજ બજાવતા તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તથા શુભેચ્છકો તથા સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ તમામ સદ ગૃહસ્થોને સહર્ષ જણાવવાનું કે કર્મચારી કલ્યાણ મંડળ દવારા મંડળના પ્રમુખશ્રી અને મા.કુલપતિશ્રી ડો. એ.આર પાઠક સાહેબના માગદર્શન અને નેતૃત્વ હેઠળ વિધા દાન પ્રવૃત્તિ તા. ૧૫મી ઓગસ્ટના ખૂબજ શુભ દિવસથી શરૂ કરવાનો સંકલ્પ કરી તદાનુસાર તેનું અમલીકરણ શરુ થઈ ગયેલ છે.

સદર પ્રશંસનીય અને અનુકરણીય પ્રવૃત્તિને ખૂબજ સાનુકુળ પ્રતિસાદ આપ બધા તરફથી મંડળને અવિરત પણે સાંપડી રહેલ છે જે ખૂબજ આનંદની અનુભૂતિ કરાવનારી બાબત છે. સદર વિધા દાન પ્રવૃત્તિ અંતર્ગત જરૂરીયાત મંદ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને તેમના શિક્ષણમાં સહાયભૂત થવા માટે જરૂરી આર્થિક સહાય મંડળના ભંડોળની ઉપલબ્ધતા અનુસાર નિર્ણાયક સમિતિ નકકી કરે તે પ્રમાણે પૂરી પાડી તેઓને સ્વમાનભેર શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેવી સુવિધા પૂરી પાડવાનો શુભાશય મંડળ ધરાવે છે. મંડળની આ નાણાંકીય ભંડોળ ઉપર નિર્ભર પ્રવૃત્તિનો વ્યાપ વધારવા તથા જરૂરીયાત મંદ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને જરુરી આર્થિક સહાય પૂરી પાડવા મંડળ પાસે પર્યાપ્ત ભંડોળ હોવું ખૂબજ આવશ્યક હોઈ આપ તથા આપના સર્વે સગાં/ સંબંધીઓ/ મિત્રોને સ્વેચ્છાએ જે તે ફાળો ઉદાર હાથે મંડળને આપી મંડળના આ સેવા યજ્ઞમાં યોગદાન પુરુ પાડવા નમ્ર વિનંતિ કરવામાં આવે છે. આપનું આ ધન દાન આર્થિક પરિસ્થિતી નબળી હોય તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને માટે સંજીવની બની રહેનાર હોઈ ઉદાર હાથે ફાળો આપવા વિનંતિ છે. સદર વિજ્ઞપ્તિની બહોળી પ્રસિધ્ધિ કરી તથા સર્વે જરૂરીયાત મંદ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને આ અંગેની જાણકારી આપી સદર ઉમદા સેવાકીય પ્રવૃત્તિમા આપ સર્વેનેં સહભાગી થવા વિનંતી છે.

આપનો કિંમતી ફાળો ડો.એચ.વી.પંડયા(ટ્રેઝરર અને સહ પ્રાધ્યાપકશ્રી,અસ્પી બાગાયત–વ– વનીય મહાવિધાલય અથવા શ્રી.એમ.કે.મલેક,કા.સભ્ય અને ખેતી.મદદનીશ, કેમેસ્ટ્રી વિભાગ,ન.મ.કૃષિ મહાવિધાલય,નવસારી અથવા ડો.વી.સી.રાજ મંત્રી , રેકટર અને નિયામક,વિદ્યાર્થી કલ્યાણ પાસે નોંધાવી મંડળને ઉપકૃત કરવા નમ્ર વિનંતિ છે.

આપનો ઉમદા અને અવિરત સહકાર મંડળની વિધા દાનની પ્રવૃતિને સદૈવ સાંપડતો રહેશે તેવી નમ્ર અપેક્ષા અને વિનંતિ સહ ....

નવસારી, તારીખઃ ૧૪/૦૮/૨૦૧૨

પ્રમુખ
કર્મચારી કલ્યાણ મંડળ
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

નકલ સવિનય રવાના જાણ તથા ઘટતું થવા સારુ પ્રતિ :

૧. વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ તથા બહોળી પ્રસિધ્ધિ માટે ઘટતું થવા સારૂ
૨. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/યુનિટ–સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા બહોળી પ્રસિધ્ધિ માટે ઘટતી વ્યવસ્થા થવા સારૂ